Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com

ISSN : 2321- 4708
Nvo 2019, Year - 6 (79)
Paper ID : RRJ000060

# સ્ત્રી ભૃણ હત્યા માટે જવાબદાર કોણ?

સંશોધક
ડો. એન.આર.ચૌધરી
એસો.પ્રોફેસર,સમાજશસ્ત્ર
સ.વિ.કોલેજ, ગાંધીનગર

---

ભારતમાં સ્ત્રીને શક્તિનુ સ્થાન આપવામાં આવે છે. પુત્રીનો જન્મ થાય એટલે ઘરે લક્ષ્મી પધાર્યા એમ માનવામાં આવે છે. પરંતુ સમયને આધીન અત્યારે સમગ્ર રાષ્ટ્રમાં સ્ત્રીઓનુ પ્રમાણ ખુબજ ઘટવા લાગ્યુ છે. અને તે પણ સૌથી વધુ પ્રતિષ્ઠા ધરાવતા અને શિક્ષિત સમાજોમાં. તો આ પાછળ ક્યા કારણો જવાબદાર છે કે શિક્ષિત અને પ્રતિષ્ઠિત વર્ગ સમાજમાં સ્ત્રીના જન્મને રોકે છે.

ભારતીય સમાજમાં કુટુંબ, ગામ, જ્ઞાતિ, કે ધર્મ દરેકની આબરુ એ સ્ત્રી છે. કોઇપણ પુરુષ ઉપર કલંક લાગેતો તેનાથી સમાજને નુકશાન નથી થતું પરંતુ સ્ત્રી ઉપર લાગેલ કલંક એ આખા કુટુંબ, ગામ, જ્ઞાતિ, કે ધર્મ અને સમગ્ર રાષ્ટ્રને નુકશાન કરે છે. કારણ કે ભારતીય સમાજમાં દરેક કુટુંબ, ગામ, જ્ઞાતિ, કે ધર્મની આબરુ સ્ત્રીને માનવામાં આવે છે.

પરંપરાગત ભારતીય સમાજમાં જ્ઞાતિ પંચો ખૂબજ મજબૂત હતાં. પરંતુ આઝાદિ પછી આપણે સામાજીક કાનૂનિકરણને અપનાવ્યું અને જ્ઞાતિ પંચોનુ મહત્વ દિવસે દિવસે ઘટવા લાગ્યું. ભારત એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયીક, લોકતંત્રાત્મક પ્રજાતંત્ર હોવાના લીધે વ્યક્તિવાદને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. જેના લીધે સમૂહની ભાવના તુટવા લાગી છે. જ્ઞાતિ જૂથ એ અંતઃવિવાહિ જુથ છે. જે પોતાની જ્ઞાતિના સભ્યોની કૌટુંબીક, સામાજીક અને જાતિય જરુરીયાતોનુ નિયમન અને સંચાલનનું કાર્ય કરે છે. પરંતુ આજદી પછી આપણે સ્વતંત્રાની આંધળી દોટમાં પરંપરાગત પાયાની સામાજીક સંસ્થાઓનું મહત્વ ભૂલી ગયા છીએ

આજાદી પછીના કેટલાક કાયદાઓ પરંપરાગત ભારતીય સમાજની પાયાની સામાજીક સંસ્થાઓને તોડવાનો પ્રયાસ કરતી હોય તેવુ લાગે છે. ભારતમાં બહુમતી હિંદુ સિવાયના કેટલાક ધર્મોને પોતાના ધર્મની આગવી આચાર સંહીતા સાચવવાનો અધિકાર છે. અને આના માઠા પરિણામ સ્વરુપે પરંપરાગત હિંદુ લગ્ન વ્યવસ્થા તુટવા લાગી છે. અને તેની અસર કુટુંબ અને જ્ઞાતિ વ્યવસ્થા પર પણ પડતી જોવા મળે છે.

સામાન્ય રિતે એવું માનવામાં આવે છે કે જે ઘરમાં દિકરીન હોય તે ઘરમાં સંસ્કારોજ ન હોય. દિકરીને લક્ષ્મીનો અવતાર માનવામાં આવે છે. અને આજના આધુનિક યુગમાં માનવી માત્રને માત્ર

ISSN : 2321- 4708
Nvo 2019, Year - 6 (79)
Paper ID : RRJ000060

લક્ષ્મી એકત્ર કરવા માટેજ દોડ્યા કરે છે. તેમ છતાં આજે આવો મોભાદાર અને શિક્ષિત વર્ગ લક્ષ્મી સ્વરુપે દિકરીનો જન્મ પોતાના ઘરે ન થાય તેમાટે ભગવાનને પ્રાર્થના કરતો થયો અને છતાં સફળતા ન મળતાં વૈજ્ઞાનિક શોધોના સહારે જઇ દિકરીને અવતરતા પહેલાંજ રોકવાનો પ્રયાસ કરતો થયો છે. તો લક્ષ્મીનો પૂજક કેમ લક્ષ્મીનોજ આટલો મોટો દુશ્મન થયો ?

સમાજશાસ્ત્રના અધ્યાપક હોવાના નાતે સામાજિક બબતો જાણવાનો હંમેશા પ્રયત્ન કરતા હોવાથી જુદા જુદા સ્થળ અને સમયના સમાજો વિષે તુલના કરવાનો પ્રયત્ન કરતાં સમજમાં આવ્યું કે સ્ત્રીના જન્મને રોકવા માટે કોઇને કોઇ સામાજીક પરિબળોજ જવાબદાર હોય છે. આજે દરેક મા-બાપ પોતાના ઘરે દિકરી જન્મે તેમ ઇચ્છે છે. પરંતુ તે જ દિકરી ૧૮ વર્ષની થાય એટલે માતા-પિતાનો તેના પર કોઇ જ અધિકાર રહેતો નથી. તે માતા-પિતાની ઇચ્છા વિરુધ્ધ અન્ય જ્ઞાતિ કે ધર્મના પુરુષ સાથે લગ્ન ગ્રંથીથી જોડાયતો તેને કાયદાથી રક્ષણ મળે છે. અને ૧૮ વર્ષ સુધી જેને પાળી પોષી, ભણાવી-ગણાવી ને મોટી કરી છે તે મા-બાપનો તેના પર કોઇજ અધીકાર રહેતો નથી. મિત્રો આજે એક વર્ષ માટે કોઇ કોલેજમાં ભણી બિજા વર્ષે કોલેજ બદલવી હોયતો પ્રથમ કોલેજ જોડેથી NOC મેળવવું પડે છે. પરંતુ કાયદાએ બનાવેલી પુક્ત સ્ત્રી ૧૮ વર્ષ પછી લગ્ન કરવા હોયતો ૧૮ વર્ષ સુધી પોષણ કરવા વાળા મા-બાપ પાસેથી કોઇજ NOC મેળવવું પડતું નથી આવુ કેમ ? મા-બાપ અદાલતમાં જાયતો પણ અદાલત માત્ર છોકરીના મંતવ્યને જ મહત્વ આપે છે. અરે અદાલતમાં જુઠું બોલવું ગુનો છે છતાં ભરેલી અદાલત વચ્ચે છોકરી તેના મ-બાપને કહે છે કે હુ આમને ઓળખતી નથી અને તેના આ મતને અદાલત સાચો માને છે. છોકરી પોલીસ સ્ટેશનમાં અરજી આપે છે કે મને મારા માતા-પિતાથી મારી જાનનું જોખમ છે આવું કેમ ? ૧૮ વર્ષ સુધી પોષણ કર્યું ત્યારે આવું કોઇજ જોખમ ન હતું અને હવે કેમ છોકરીના આવા પગલાને કારણે મા-બાપની આબરુનાતો જગ જાહેર ધજાગરા થાય છે. પણ સાથે સાથે આખા ગામ, જ્ઞાતિ, ધર્મ અને સમાજની આબરુનાય ધજાગરા થાય છે. અને જે ગામ, જ્ઞાતિ, ધર્મ કે સમાજની દિકરીએ આવું પગલું ભર્યું હશે તે ગામ, જ્ઞાતિ, ધર્મ કે સમાજનું કોઇ કુંટુંબ એવું નહીં ઇચ્છે કે મારા ઘરે છોકરીનો જન્મ થાય.

એક મા-બાપ પોતાની જિંદગીની કમાણી બતાવવાનો પ્રસંગ એ પોતાની દિકરીનું લગ્ન છે. એ બાપ ક્યારેય પોતાની દિકરીનું અહિત કરે ? હિંદુ ધર્મમાં લગ્નને એક સંસ્કાર માનવામાં આવે છે. લગ્ન એટલે માત્ર બે પાત્રોનું મિલન નથી, પણ બે કુંટુંબો અને બન્ને કુંટુંબો સાથે જોડાયેલ સગા-સંબંધીઓનું જોડાણ છે. અને લગ્ન સમયે બન્ને પક્ષના તથા જ્ઞાતિ કે ધર્મના લોકોની હાજરીમાં થાય ત્યારેજ તેને સામાજીક માન્યતા મળે છે. જ્યારે કાયદાકીય લગ્નમાં આવા કોઇજ પક્ષની હાજરીની જરુર નથી, અરે બન્ને પક્ષના કોઇ પણ માતા-પિતાની પણ જરુર નથી. આવા કાયદાઓને કારણેજ સમાજવ્યવસ્થા તુટે છે. અને જેની સીધી અસર સ્ત્રી-પુરુષના પ્રમાણ ઉપર પડે છે.